

# વો હસીના, વો નીલમપરી....

...કર ગઈ કૈસી જાદુગરી! સજના માટે સજતી નવવધૂ પાસે આજે શણગારના સોળ નહીં, પણ સોળસો વિકલ્પ હાજર છે!

સ્મિતા આયંગર

એના જીવનનો આજે સૌથી મહત્વનો દિવસ છે...

એ આજે ક્યારેય નહોતી એટલી સુંદર દેખાવા માગે છે. ગજગામિનીની ચાલે કન્યા માયરામાં આવે ત્યારે એના ભાવિ ભરથારના દિલમાં *દર્દ-એ-ડિસ્કો* જાગવું જ જોઈએ!

જેમ ફેશન એમ બ્રાઈડલ મેકઅપનું પણ આજે એક આખું વિજ્ઞાન વિકસ્યું છે. દરેક સીઝનમાં મેકઅપના પણ ટ્રેન્ડ આવે ને જાય. હિંદી સિનેમા, ટેલિવિઝન તથા દુનિયાભરમાં યોજાતા પ્રતિષ્ઠિત ઈવેન્ટની મેકઅપના ટ્રેન્ડ પર એક મજબૂત છાપ જોવા મળે છે.

આજની વાત કરીએ તો પાછી આવી ગઈ છે પુરાણી યાદો. ૧૯૭૦ના દાયકાનો શણગાર. *ઓમ શાંતિ ઓમ* તથા *ખોયા ખોયા ચાંદ* જેવી ફિલ્મોએ આજની યુવાપેઢી પર ભૂરકી છાંટી છે. આજની બ્રાઈડને હેમા માલિની, માલા સિંહા અને મૌસમી ચેટરજી દેખાવું છે! જેમ કે હેરસ્ટાઈલમાં બુફો આજે ઈન ગણાય છે-થેન્ક્સ ટુ દીપિકા પદુકોણે!

દુલ્હનના મેકઅપ વિશે વધુ જાણવા ચાલો, જઈએ મુંબઈનાં પ્રખ્યાત હેરસ્ટાઈલિસ્ટ, અરોમા થેરાપિસ્ટ અને મેકઅપ એક્સપર્ટ સીમા જેરાજાણી



પલક: બિફોર મેકઅપ

પાસે. યુકેની *વિડાલ સાસૂન* અને *વેલા* કંપનીની પેટ્રિક કેમેરોન જેવી સંસ્થામાં હેરડ્રેસિંગના પાઠ ભણેલાં સીમાજી આજે તૈયાર છે *ચિત્રલેખા લાઈફસ્ટાઈલ*ની વૂડ બી બ્રાઈડને તૈયાર કરવા માટે. કન્યા છે જુવાન-ખૂબસૂરત મલ્ટિનેશનલ કોર્પોરેટ ફાઈનાન્સિયલ એક્ઝિક્યુટિવ પલક.

સીમા કહે છે: 'મારે પલકને એકદમ એલિગન્ટ અને રિટ્રો લુક આપવો છે... રિટ્રો એટલે પહેલાંનું, પુરાણું. કારણ કે એનો ચહેરો ક્લાસિક કહી શકાય એવો છે...'

પલક માટે જાણીતા ફેશન ડિઝાઈનર પર્મેશ જસાણીએ વર્મિલિયન રેડ અને અલ્ટ્રામરીન બ્લુ કલરની સાડી ડિઝાઈન કરી છે. પર્મેશજીના કહેવા મુજબ, રેડ-અલ્ટ્રામરીન આ સીઝનના એકદમ લેટેસ્ટ કલર છે.

તો ચાલો, શરૂ કરીએ પલકની કાયાપલટ:

**ક્લીન્ઝિંગ-મોઈશ્ચરાઈઝિંગ-ટોનિંગ**

સીમા જેરાજાણીના મેકઅપની ખાસિયત એ છે કે એ જુદી જુદી કોમલાંગિનીઓની ભિન્ન ભિન્ન પ્રકારની ત્વચાને અનુરૂપ પર્સનલાઈઝ્ડ બ્યુટી પ્રોડક્ટ્સ વાપરે છે, જે એ જાતે તૈયાર કરે છે. પલક માટે એમણે એલોવીરા જેલના બેઝવાળું કોમ્બિનેશન સ્કિન મોઈશ્ચરાઈઝર તૈયાર કર્યું. આ મોઈશ્ચરાઈઝરમાં લવન્ડર, જિરેનિયમ, ટી ટ્રી અને ચંદનવૂડનાં તેલ પણ છે

ટોનર માટે એમણે પીટીટ ગ્રેઈન અને જિરેનિયમ જેવાં અરોમા ઑઈલ વાપર્યાં.

**ફાઉન્ડેશન**

પલકનાં કોમ્પ્લેક્શન રેશમ સા મુલાયમ છે એટલે બહુ જ હળવું લિક્વિડ ફાઉન્ડેશન વાપરવાનું નક્કી થયું. બ્રશથી સ્પ્રેડ કર્યા બાદ એને સ્પોન્જ વડે આખરી ઓપ આપવામાં આવ્યો. ભારતીય ત્વચા માટે બેસ્ટ કલર છે: ફોન. એના ફીચર્સને એક ચોક્કસ રેખાકૃતિ આપવા સ્કિન ટોન કરતાં બે શેડ ડાર્ક એવા પાવડરનો ઉપયોગ કરવામાં આવ્યો.

**યે આંખેં...**

પલકના મેકઅપ ટેક્નિકમાં રેડ, પર્પલ, પર્લ ગોલ્ડ અને બ્રાઉન જેવા રંગના આયશેડો વાપરવામાં આવ્યા. આ બધા કલરને સૂઝબૂઝ સાથે એકમેકમાં ભેળવવામાં આવ્યા. એ પછી આવ્યું ક્રીમ આયલાઈનર. લિક્વિડ આયલાઈનરને બદલે ક્રીમ આયલાઈનર વાપરવાનું કારણ એ કે એનાથી એક મૂડ ઈફેક્ટ ઊભી થાય છે. સીમાબહેન જેવાં નિષ્ણાત મેકઅપ એક્સપર્ટ હંમેશાં વૉટરપ્રૂફ મસ્કારા વાપરવાનો આગ્રહ રાખે છે, જેથી *બાબુલ કી દુઆએં લેતી જા* અર્થાત્ વિદાયવેળાએ ભીની આંખોથી મેકઅપ બગડે નહીં.

**હોઠોં સે છૂ લો...**

પલકના હોઠ પર પહેલાં એક બેઝ તરીકે લિપલાઈનર લગાડવામાં આવ્યું, જેથી લિપસ્ટિક હોઠ પર બરાબર રહે અને પછી હળવેકથી પાવડર.



આ લો, દુલ્હન તૈયાર માંડવામાં જવા માટે...

પલકના ઓષ્ઠ માટે રેડ લિપસ્ટિક એટલા માટે પસંદ કરવામાં આવી, કેમ કે એ સાડીના કલર સાથે મેચ થાય છે. ઉપરાંત, પલકની ત્વચા ફેર છે. અંગ્રેજો કહે એમ, શી કૂડ કેરી ધ રેડ કલર વેલ! એ પછી લિપ ગ્લોસ. હોઠ પર અનેરી ચમક લાવવા અથવા ફાઈનલ ટચ આપવા સ્વર્ણિમ અથવા શિમર લિપ ગ્લોસ લગાડવામાં આવ્યું.

**ઓ મેરી શર્મિલી...**

લિપસ્ટિકની જેમ પલકના ગાલો પર બ્લશ-રેડ કલરનું જ લગાડવામાં આવ્યું. એનાથી ચહેરાને એક

## જસ્ટ, જાણી લો...

સીમા જેરાજાણીનું પ્રિવેડિંગ પેકેજ છ હજાર રૂપિયાનું છે. દુલ્હનને તૈયાર કરવાના (મેકઅપ-હેરસ્ટાઈલ, વગેરે) સાડા છ હજાર રૂપિયા. હા, એમના જૂહુ પર આવેલા પાર્લરમાં કન્યા જાય તો... એમને તમારે ઘેર બોલાવવાં હોય તો, સાડા આઠ હજાર રૂપિયા (મુંબઈમાં).



શેપ તથા સ્લિમ લુક મળ્યા. પલકના ગાલ પર તરત નજર જાય એ માટે પર્લ ગોલ્ડ પાવડર હળવેકથી લગાવવામાં આવ્યો.

**તેરી ઝુલ્ફોં સે સારે મેં...**

સીમાજીએ પલકના કેશકલાપને બેક-કોમ્બ અને સોફ્ટ કર્લ વડે એક રિટ્રો હેરસ્ટાઈલ આપી. એ પછી એમાં નાના મોતી ટાંક્યા. પછી એમાં ખોસ્યાં તાજાં ટાઈગર ઑર્કિડ ફૂલ, જે એની સાડીના રંગોને બંધબેસે છે.

અને લો, પલક તૈયાર છે એના મનના



માણીગરના દિલ પર છરી ચલાવવા!

**બ્રાઈડને થોડી ટિપ્સ**

લગ્નના ત્રણ મહિના પહેલાંથી જ ત્વચાની સંભાળ લેવાની શરૂઆત કરી દેવી જોઈએ... એક્ને તથા અનઈવન ત્વચા જેવાં પિગ્મેન્ટેશનની સમસ્યા હોય એવી કન્યાએ ગ્લાયકોલિક પિલ વાપરવી... સીમા જેરાજાણી જેવાં મેકઅપ એક્સપર્ટ લગ્ન પહેલાં કમ સે કમ બે ફેશિયલ અને એક ફુલ બોડી મસાજની ભલામણ કરે છે...

તસવીરો: વિજયન રાઘવન